ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

બુધવાર ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

**રક્ષક જ બન્યા ભક્ષ | ખાખી વર્દીને લજવતી ઘટનામાં રૂ. 5.66 લાખનો મુદ્દામાલ કબજે**

# દાહોદમાં ત્રણ પોલીસ કોન્સ્ટેબલ દારૂની હેરાફેરી કરતા પકડાયાં

**રાજસ્થાનથી ગાડીમાં** લવાતા વિદેશી દારૂનું કારમાં પાયલોટિંગ કરતાં હતાં

(પ્રતિનિધિ) દાહોદ તા.13

દાહોદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના શિરે છે, તેવા પોલીસ કર્મીઓ જ બુટલેગર બન્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ચાકલિયા પોલીસ અને એલસીબીની સંયુક્ત કાર્યવાહીમાં પોલીસ વિભાગના જ ત્રણ કોન્સ્ટેબલો દ્વારા વિદેશી દારૂની હેરાફેરીના નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ ઘટનાએ સમગ્ર જિલ્લામાં પોલીસ બેડાની શિસ્ત અને વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કર્યા છે,.

મળતી માહિતી મુજબ, ચાકલિયા પોલીસ સ્ટેશન અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મળેલી બાતમીના આધારે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન રાજસ્થાન તરફથી આવતી એક ટાટા પંચ ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી હતી, જેનું પાયલોટિંગ મારુતિ અલ્ટો કાર દ્વારા કરવામાં આવતું હતું. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને લીમડી નજીક તળાવા ચોકડી પાસે આ વાહનોને આંતર્યા હતા. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ હેરાફેરીમાં ચાકલિયા પોલીસ સ્ટેશનના જ ત્રણ કોન્સ્ટેબલ અર્જુન ભુરીયા, મોહન તાવિયાડ અને પ્રકાશ હઠીલા સીધી રીતે સંડોવાયેલા હતા.



આ કાર્યવાહી દરમિયાન પોલીસે અંદાજે રૂ. 66,000ની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. દારૂ અને વાહનો મળીને કુલ રૂ. 5.66 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જોકે, આ ઘટનાનો પર્દાફાશ થતા જ સંડોવાયેલા ત્રણેય પોલીસકર્મીઓ પોલીસને થાપ આપીને ફરાર થઈ ગયા છે.

આમ, પોલીસ વિભાગના જ કર્મચારીઓ દારૂની તસ્કરીમાં સામેલ હોવાથી ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવામાં આવ્યો છે. ફરાર કોન્સ્ટેબલોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે અને તેમના વિરુદ્ધ શિસ્તભંગના કડક પગલાં લેવાના સંકેત આપવામાં આવ્યા છે. આ ઘટનાથી સામાન્ય જનતામાં પણ ભારે ચર્ચા જાગી છે કે જેમના હાથમાં સુરક્ષાની લાઠી છે, તેઓ જ ગુનાખોરીના રસ્તે ચઢ્યા છે,.

## દાહોદ જિલ્લામાં ઉતરાયણ પર્વ નિમિત્તે યુવાનોમાં ભારે થનગનાટ





દાહોદ જિલ્લામાં ઉતરાયણ પર્વ નિમિત્તે આકાશી યુદ્ધ લડવા માટે યુવાનોએ પોતાના મકાનોના ધાબા સાફ કરી અને મોટા ડીજે ગોઠવીને અંતિમ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. બજારમાં ભીડ, પણ ઘરાકીમાં મંદી મકરસંક્રાંતિને માત્ર એક જ દિવસ બાકી હોવાથી દાહોદના બજારોમાં પતંગ અને ફિરકી ખરીદવા ગ્રાહકોની ભીડ તો ઉમટી છે. 'એ કાપ્યો છે'ના નારા લગાવવા યુવાનો સજ્જ ગગનભેદી નારા સાથે આકાશી યુદ્ધ લડવા માટે યુવાનો બજારમાં દોરાને માજો પીવડાવતા અને પતંગોની ખરીદી કરતા નજરે પડ્યા હતા, જોકે છૂટક ઘરાકી ઓછી હોવાથી વેપારીઓ મૂંઝવણ અનુભવી રહ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### ગોધરામાં પોલીસ અને આરટીઓ દ્વારા વાહનચાલકોને પતંગ વિતરણ કરાયું



**ગોધરા** | ગોધરાના પાંજરાપોળ ચર્ચ પાસે ટ્રાફિક પોલીસ અને RTO વિભાગ દ્વારા સંયુક્ત રીતે વાહનચાલકોને પતંગો વહેંચી માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પોલીસ અને RTO અધિકારીઓએ સ્વયં માર્ગ પર ઉતરીને લોકોને સુરક્ષિત ડ્રાઇવિંગ માટે પ્રોત્સાહિત કર્યા હતા અને ટ્રાફિકના વિવિધ નિયમો સમજાવ્યા હતા. પતંગોના માધ્યમથી રાજ્ય સરકારની 'રાહવીર યોજના' વિશે જાગૃતિ ફેલાવવામાં આવી હતી, જે અંતર્ગત અકસ્માત સમયે જીવ બચાવનાર મદદગારને રૂ.25 હજારનું ઇનામ આપવામાં આવે છે.

### લીમખેડાની આર્ટ્સ કોલેજમાં 'અંતરના આવાસેથી' કવિ સંમેલન સંપન્ન થયું




**લીમખેડા** | ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને લીમખેડા આર્ટ્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે 'અંતરના આવાસેથી' કવિ સંમેલનનું સંસ્થાના ટ્રસ્ટીઓ અને આચાર્યશ્રીના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કવિ વિનોદ ગાંધી અને હરીશ શાહના સંયુક્ત સંચાલન હેઠળ યોજાયેલા આ મુશાયરામાં કૃષ્ણ દવે, કૌશિક પટેલ 'પ્રવાસી' અને ઝલક પટેલ જેવા કવિઓની ચોટદાર રચનાઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ સાહિત્યિક અવસરે ભૂતપૂર્વ પ્રિન્સિપાલ, કોલેજના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં કાવ્યરસિકોએ ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને જીવંત અને યાદગાર બનાવ્યો હતો. આ કાર્યક્રમના અંતે, આવા સુંદર સાહિત્યિક આયોજન બદલ ગુજરાત સાહિત્ય અકાદમીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### લીમખેડાની હસ્તેશ્વર સ્કૂલના બાળકોએ ચાઈના દોરી ન વાપરવાના શપથ લીધા



**લીમખેડા** | લીમખેડાની હસ્તેશ્વર સ્કૂલમાં સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની પતંગો બનાવી ઉતરાયણ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. આ પ્રસંગે શિક્ષકો દ્વારા ઉતરાયણ નિમિત્તે ખવાતી વિશેષ વાનગીઓ લાવવામાં આવી હતી અને બાળકો સાથે મળીને ઉત્સવનો આનંદ માણ્યો હતો. સંસ્થાના મંત્રી દ્વારા બાળકોને પક્ષીઓ માટે જોખમી એવી ચાઈના દોરીનો ઉપયોગ ન કરવા સંકલ્પ લેવડાવી પૂરી સેફ્ટી સાથે પર્વ ઉજવવા માર્ગદર્શન આપ્યું હતું.

### પીએમશ્રી તાલુકા શાળા ખાતે બાળ કવિ કૃષ્ણ દવેનું કવિ સંમેલન યોજાયું



**લીમખેડા** | બીઆરસી ભવન અને પીએમશ્રી તાલુકા શાળા, લીમખેડા દ્વારા કો-ઓર્ડિનેટર ઋષિભાઈની આગેવાનીમાં ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ કવિ કૃષ્ણ દવેનું બાળ કવિ સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં કવિએ પોતાની અદભૂત રચનાઓની પ્રસ્તુતિ કરી બાળકો અને શિક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા તેમજ ગુજરાતી સાહિત્ય અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે લીમખેડા આર્ટસ કોલેજના અધ્યાપક જે.યુ. નાયક, BRC સ્ટાફ અને અન્ય શિક્ષક ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શાળાના ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓએ આ કાવ્યગોષ્ઠીનો આનંદ માણ્યો હતો.

**વિકાસકાર્યોમાં મંદિર હટાવાયાના બે વર્ષ બાદ પણ જગ્યા ન ફાળવાતા ગુર્જર સમાજમાં આક્રોશ**

# પાવાગઢના કલેશ્વરી માતાજીના મંદિરના પુન: સ્થાપન માટે માંગ

**વિશ્વ હિન્દુ પરિષદે વ્યાપક** આંદોલન છેડવાની ચેતવણી આપી

**કલેક્ટરને આવેદનપત્ર પાઠવી** આપી ચીમકી

(પ્રતિનિધિ) હાલોલ તા.13

પંચમહાલ જિલ્લાના જગવિખ્યાત યાત્રાધામ પાવાગઢ ખાતે ચાલી રહેલા વિકાસકાર્યો દરમિયાન તોડી પાડવામાં આવેલા પૌરાણિક કલેશ્વરી માતાજીના મંદિરના પુન: સ્થાપનનો મુદ્દો હવે ગરમાયો છે. વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવેલી ખાતરી છતાં બે વર્ષ વીતવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતા, ગુર્જર સમાજના લોકોએ આજે ગોધરા કલેક્ટર કચેરી ખાતે પહોંચી આવેદનપત્ર પાઠવ્યું હતું.

યાત્રાધામ પાવાગઢ ખાતે કલેશ્વરી માતાજી ગુર્જર સમાજના કુળદેવી હોવાથી આ મંદિર સાથે માત્ર ગુજરાત જ નહીં, પરંતુ પડોશી રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વસતા સમાજના લાખો લોકોની શ્રદ્ધા જોડાયેલી છે. પાવાગઢના ડુંગર પર જ્યારે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી, ત્યારે તંત્રએ



ખાતરી આપી હતી કે મંદિરના પુન: સ્થાપન માટે વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવશે. જોકે, આ ઘટનાને બે વર્ષથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી કોઈ જમીન ફાળવણી કે નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું નથી, જેના કારણે શ્રદ્ધાળુઓની ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચી રહી છે.

આ મંદિરના નિર્માણમાં થઈ રહેલા વિલંબને પગલે હવે વિશ્વ હિન્દુ પરિષદ પણ મેદાનમાં આવ્યું છે. તેઓએ પરિષદ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, જો સરકાર અને વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે મંદિર માટે યોગ્ય જગ્યા ફાળવવામાં નહીં આવે, તો આગામી સમયમાં વ્યાપક આંદોલન છેડવામાં આવશે. સમાજના અગ્રણીઓએ માંગ કરી છે કે પાવાગઢ ડુંગર પર જ યોગ્ય વૈકલ્પિક જગ્યા આપી માતાજીનું મંદિર ફરીથી સ્થાપિત કરવામાં આવે જેથી વર્ષો જૂની પરંપરા અને આસ્થા જળવાઈ રહે.

# દાહોદમાં નિયમો ઘોળી પી જતા 102 CSC બ્લોક

**સેન્ટર પર બેનર,** રેટ ચાર્ટ અને પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ હોવું અનિવાર્ય

(પ્રતિનિધિ) દાહોદ તા.13

દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં કાર્યરત કોમન સર્વિસ સેન્ટર (CSC) ના સંચાલકો માટે કેન્દ્ર સરકાર દ્વારા મહત્વપૂર્ણ અને કડક સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. જિલ્લામાં કાર્યરત 2600થી વધુ સેન્ટરો પૈકી નિયમોનું ઉલ્લંઘન કરનારા અને ફરિયાદોના આધારે 102 CSC સેન્ટરોની આઈડી બ્લોક કરી દેવામાં આવી છે.

સરકારના નવા નિયમો અને તાજેતરમાં યોજાયેલી ટ્રેનિંગ દરમિયાન ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે, દરેક સીએસસી સેન્ટર પર સીએસસી બેનર, સર્વિસ ચાર્ટ, રેટ ચાર્ટ અને રજિસ્ટર રાખવા ફરજિયાત છે. આ ઉપરાંત, સંચાલક પાસે પોલીસ ક્લિયરેન્સ સર્ટિફિકેટ હોવું પણ અનિવાર્ય છે. સૌથી મહત્વની શરત મુજબ, સેન્ટર પર અધિકૃત સંચાલકના બદલે અન્ય કોઈ વ્યક્તિ કામ કરી શકશે નહીં. તપાસ દરમિયાન જો કોઈ સેન્ટર પર બેનર અથવા પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટનો અભાવ જણાશે, તો તેમની સીએસસી આઈડી તાત્કાલિક બ્લોક કરી દેવામાં આવશે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. આ અંગેની તમામ જવાબદારી જે-તે સીએસસી સંચાલકની રહેશે.

## ગોધરાનું અન્નપૂર્ણા ટ્રસ્ટ 15 કેન્દ્ર પરથી દાન સ્વીકારશે

(પ્રતિનિધિ) ગોધરા તા.13

ઉત્તરાયણના પર્વ નિમિત્તે દાનના વિશેષ મહિમાને ધ્યાનમાં રાખીને, 'ભૂખ્યાને ભોજન'ના મંત્રને વરેલા અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા ગોધરાના જનતાના આંગણે દાન સ્વીકારવાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ સંસ્થા છેલ્લા 25 વર્ષોથી દરરોજ 400 જેટલા જરૂરિયાતમંદ વ્યક્તિઓને નિયમિતપણે ઘરે બેઠાં ભોજન પહોંચાડવાનું સેવાકાર્ય કરી રહી છે. આ હેતુસર ટ્રસ્ટ દ્વારા શહેરના વિવિધ મુખ્ય વિસ્તારો જેવા કે બામરોલી રોડ, ભુરાવાવ, સોનીવાડ, ગોવિંદી રોડ, કાછીયાવાડ, આનંદનગર, સાંપા રોડ અને લુણાવાડા રોડ સહિત કુલ ૧૫ જેટલા કલેક્શન સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. આ સેવાકાર્યમાં ડૉ. મહેન્દ્ર પરમાર અને રાજેન્દ્રકુમાર પરમાર નામના બે શિક્ષકો સવારે 7થી બપોરે 1 વાગ્યા સુધી પોતાની સેવાઓ આપશે. ગોધરા શહેર અને જિલ્લાના લોકોને આ કેન્દ્રો પર જઈને અનાજ, કપડાં કે રોકડ રકમનું છૂટે હાથે દાન કરવા અપીલ કરવામાં આવી છે. QR Code સ્કેનિંગ દ્વારા ઓનલાઈન દાન કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે.

## મુનાવાણીમાં એસટી બસનું સ્ટોપેજમાં મનમાનીથી રોષ

**વિદ્યાર્થીઓને પાંચથી** સાત કિલોમીટર દૂર ઉતરવા મજબૂર

(પ્રતિનિધિ) સીંગવડ તા.13

સિંગવડ તાલુકાના મુનાવાણી ગામ અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓ તથા મુસાફરો માટે એસટી બસનું સ્ટોપેજ એક મોટી સમસ્યા બની ગયું છે. સરકારી તંત્ર અને સાંસદ દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં એસટી બસના ડ્રાઈવરો અને કંડક્ટરો મુનાવાણી ગામે બસ ઉભી રાખતા નથી, જેના કારણે મુસાફરોને ૫ થી ૭ કિમી દૂર સુધી રઝળપાટ કરવો પડે છે,.

લિમખેડા ખાતે અભ્યાસ કરવા જતા મુણાવાણી, સિંગાપુર, કુણધા અને વાસવાણી ગામના વિદ્યાર્થીઓને એસટી બસના ચાલકો દ્વારા રાત્રિના સમયે થાળા કે ડુંગરી ગામે ઉતારી દેવામાં આવે છે,. આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને ઘરે લાવવા માટે વાલીઓએ ખાનગી વાહનો પાછળ વધારાનો ખર્ચ કરવો પડે છે. આ અંગે લિમખેડા પ્રાંત અધિકારીની બેઠકમાં રજૂઆત બાદ એસટી વિભાગ દ્વારા ૧૮-૦૭-૨૦૨૫ ના રોજ પરિપત્ર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરે પણ ગોધરા ડી.સી.ને રજૂઆત કરી હતી અને ૧૭-૦૮-૨૦૨૫ ના રોજ ફરીથી પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હોવા છતાં ડ્રાઈવરો પોતાની મનસ્વી રીતે બસ ચલાવી રહ્યા છે.

# હાલોલ નગરપાલિકાના સફાઈ કામદારોને કાયમી કરવા માંગ

**સામાજિક એકતા** જાગૃતિ મિશન દ્વારા ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) હાલોલ તા.13

હાલોલ નગરપાલિકામાં વર્ષોથી સેવા આપતા સફાઈ કામદારોને કાયમી કરવાની માંગ સાથે મંગળવારે સામાજિક એકતા જાગૃતિ મિશન, ગુજરાત પ્રદેશના મહાસચિવ દ્વારા ચીફ ઓફિસરને લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે જો શ્રમિકોના હિતમાં સત્વરે હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો સંગઠન દ્વારા ઉગ્ર



આંદોલન અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગના ૧૬/૮/૧૯૯૪ના ઐતિહાસિક ઠરાવમાં સફાઈ કામદારોને કાયમી કરવા અંગે સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં અમલ થતો નથી. આરટીઆઈ (RTI) દ્વારા મળેલી માહિતી અનુસાર, હાલોલ પાલિકામાં હાલ વર્ગ-4ની 67 જગ્યાઓ ખાલી છે. વધુમાં, પાલિકાનું મહેકમ ખર્ચ 34.33 ટકા છે, જે સરકારની 45 ટકાની નિર્ધારિત મર્યાદાથી ઘણું નીચે હોવા છતાં કામદારોને અન્યાય થઈ રહ્યો હોવાનો સુર ઉઠ્યો છે.

આ મામલે પાલિકાના ચીફ ઓફિસર ગૌરાંગ પટેલે જણાવ્યું હતું કે, "આવેદનપત્ર મળ્યું છે, પરંતુ ભરતી માટે એક ચોક્કસ પ્રક્રિયા અનુસરવી પડે છે. ખાલી જગ્યાઓ ભરવા માટે સૌ પ્રથમ ઠરાવ કરી તેની દરખાસ્ત મંજૂરી માટે મોકલવી પડે છે, ત્યારબાદ જાહેર પ્રસિદ્ધિ આપીને યોગ્યતા મુજબ નિમણૂક કરવામાં આવે છે. હાલ આ મુદ્દો સમગ્ર નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે અને તંત્ર આગામી સમયમાં શું પગલાં ભરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# કાલોલ તાલુકાની પંચાયતોમાં મનરેગાના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ

**જિલ્લા વિકાસ** અધિકારીને આવેદનપત્ર પાઠવી 15 દિવસમાં તપાસની માંગ કરાઈ

**વેજલપુર, સમાં અને** વ્યાસડા સહિતના ગામોના રહીશોનો હોબાળો

(પ્રતિનિધિ) કાલોલ તા.13

કાલોલ તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોમાં મનરેગા યોજના હેઠળ થયેલા કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આક્ષેપો સાથે સ્થાનિક અરજદારોએ મોરચો માંડ્યો છે. આ મામલે વિવિધ ગામોના જાગૃત નાગરિકોએ એકઠા



થઈને જીલ્લા વિકાસ અધિકારીને લેખિત આવેદનપત્ર પાઠવી તટસ્થ તપાસની માંગ કરી છે.

આ અંગે અરજદારોની રજૂઆત અનુસાર, તાલુકાની વેજલપુર, બેઢિયા, સમાં, વાછાવાડ, ભાદરોલી બુજુર્ગ, ઘૂસર અને વ્યાસડા જેવી ગ્રામ પંચાયતોમાં મનરેગા યોજના હેઠળ થયેલા વિવિધ વિકાસકામોમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. ખાસ કરીને પેવર બ્લોક, માટી-મેટલના કામો, ચેકડેમ, સી સી રોડ અને જમીન સમતળ કરવાના કામોમાં વ્યાપક ગેરરીતિઓ થઈ હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

સ્પષ્ટ માંગ કરવામાં આવી છે કે, આ તમામ ગ્રામ પંચાયતો માટે એક વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવે અને દિન-૧૫માં તટસ્થ તપાસ કરી જવાબદાર ભ્રષ્ટાચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. જો નિયત સમયમર્યાદામાં યોગ્ય તપાસ હાથ ધરવામાં નહીં આવે, તો તમામ અરજદારોએ કચેરી બહાર ગાંધી ચિંધ્યા માર્ગે ભૂખ હડતાળ પર બેસવાની ચીમકી ઉચ્ચારી છે. હવે એ જોવું રહ્યું કે જીલ્લા વિકાસ અધિકારી સાચી દિશામાં તપાસ કરીને ભ્રષ્ટાચારી બાબુઓ સામે પગલાં ભરે છે કે પછી માત્ર દેખાવ પૂરતી કામગીરી કરીને મામલો થાળે પાડે છે.

## લીમડી પાસે વિદેશી દારૂ સાથે ભાગવા જતા ખેપિયાનો અકસ્માત

(પ્રતિનિધિ) દાહોદ તા.13

દાહોદના લીમડી પોલીસ સ્ટેશન વિસ્તારના ઘોળી દાંતી ગામ પાસે પોલીસે પીછો કરતા ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતા કુંજા ફળીયા પાસે અકસ્માત સર્જાયો હતો. પોલીસે ઈજાગ્રસ્ત અમિત કમલેશ કલાલ (રહે. બોરવાણી) ને ઝડપી લીધો હતો. વાહનની ડીકીમાં તપાસ કરતા બીયર મળી આવ્યા હતા. પોલીસે દારૂ અને સ્કૂટર મળી કુલ 27,475નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો હતો.

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ શશાંક કુષ્ણકિશોરી અગ્રવાલ હતુ જે બદલીને નવુ નામ શશાંક કુષ્ણકિશોર અગ્રવાલ રાખેલ છે. મારો પાસપોર્ટ નં. M7935762 છે. જે અમદાવાદથી તા.08/04/2015 ના રોજ ઈસ્યુ થયો છે.

રહે. B/15 પંચશીલ સોસાયટી, ઝાલોદ જી. દાહોદ-389170

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ કુષ્ણકિશોરી રઘુનંદન અગ્રવાલ હતુ જે બદલીને નવુ નામ કુષ્ણકિશોર રઘુનંદન અગ્રવાલ રાખેલ છે. મારો પાસપોર્ટ નં. M7935766 છે. જે અમદાવાદથી તા.08/04/2015 ના રોજ ઈસ્યુ થયો છે.

રહે. B/15 પંચશીલ સોસાયટી, ઝાલોદ જી. દાહોદ-389170

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ વૈદેહી કુષ્ણકિશોરી અગ્રવાલ હતુ જે બદલીને નવુ નામ વૈદેહી કુષ્ણકિશોર અગ્રવાલ રાખેલ છે. મારો પાસપોર્ટ નં. M7935100 છે. જે અમદાવાદથી તા.08/04/2015 ના રોજ ઈસ્યુ થયો છે.

રહે. B/15 પંચશીલ સોસાયટી, ઝાલોદ જી. દાહોદ-389170

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ મોનિકા કુષ્ણકિશોરી અગ્રવાલ હતુ જે બદલીને નવુ નામ મોનિકા કુષ્ણકિશોર અગ્રવાલ રાખેલ છે. મારો પાસપોર્ટ નં. M7935096 છે. જે અમદાવાદથી તા.08/04/2015 ના રોજ ઈસ્યુ થયો છે.

રહે. B/15 પંચશીલ સોસાયટી, ઝાલોદ જી. દાહોદ-389170